
# નજાનૂના સાહસો

11

નિકોલાઈ નોસોવ



# અજાણ્યા સ્થળે





# નજાનૂના સાહસો

11

નિકોલાઈ નોસોવ

**અનુવાદ:દીપ્તિ રાજુ**

# અજાણ્યા સ્થળે


ચિત્રો:બોરિસ કૈલાશીન








જ્યારે નજાનૂની આંખ ઊઘડી, ત્યારે તેણે પોતાને એક અજાણ્યા ઓરડામાં જોયો. તે એટલી નરમ પથારી પર સૂતો હતો કે જાણે ગાદલું ડેન્ડેલિયનના ફૂલના રૂ જેવા નરમ રેસાથી ભરેલું હોય.
અવાજોની આહટથી તેની ઊંઘ તૂટી હતી. તેણે આસપાસ નજર ફેરવી કે આ અવાજો ક્યાંથી આવી રહ્યા છે. ઓરડાના ચારેય ખૂણામાં આરામખુરશીઓ મૂકેલી હતી અને દીવાલો પર સુંદર ગાલીચા તથા ફૂલોના ચિત્રો લટકાવેલા હતાં.
બારી પાસે એક પગવાળું નાનું મેજ હતું. તેના પર રંગબેરંગી ભરતકામના રેશમી દોરાનો ઢગલો પડ્યો હતો અને સાથે જ એક નાના ઓશીકામાં ટાંકણીઓ અને સોયો એવી રીતે ખોસેલી હતી કે જાણે શાહુડીના કાંટા હોય.
થોડે દૂર એક લખવાનું મેજ હતું, જેના પર લખવાનો સામાન ગોઠવેલો હતો. તેની બાજુમાં એક પુસ્તક રાખવાની અલમારી હતી.



દરવાજા પાસેની સામેની દીવાલ પર એક મોટો અરીસો લગાડેલો હતો.
અરીસા સામે બે નાની માઇટ છોકરીઓ ઊભી રહીને વાતો કરી રહી હતી.
**તેમાંથી એકે વાદળી રેશમી ફ્રોક પહેર્યું હતું. તેની કમર પરનો રેશમી પટ્ટો સુંદર રીતે બાંધેલો હતો.**તેની આંખો વાદળી હતી અને કાળા વાળની લાંબી ચોટલી ગૂંથેલી હતી.
બીજી માઇટ છોકરીએ ગુલાબી અને જાંબલી ફૂલોવાળું ફ્રોક પહેર્યું હતું. તેના સોનેરી વાંકડિયા વાળ ખભા સુધી લટકતા હતા. તે એક ટોપી પહેરીને અરીસામાં જોઈ રહી હતી અને ચકલાની જેમ ચીં-ચીં કરતાં બોલી:
"અરે, આ કેવી ભદ્દી ટોપી છે! ગમે તે રીતે પહેરું, તો પણ સારી જ લાગતી નથી. હું તો પહોળી કિનારીવાળી ટોપી બનાવવાની ઇચ્છા રાખતી હતી, પણ એટલું કાપડ નહોતું. એટલે નાની કિનારીવાળી ટોપી બનાવવી પડી. આવી ટોપી પહેરવાથી ચહેરો ચાંદ જેવો ગોળ દેખાય છે, અને એ મને બિલકુલ ગમતું નથી. તને પણ એવું જ લાગે છે ને?"
વાદળી આંખોવાળી છોકરી બોલી:
"તું તો આ અરીસા સામે બહુ લાંબા સમયથી ઊભી છે. જે લોકો આખો સમય અરીસામાં જોતાં રહે છે, એવા લોકો મને જરા પણ ગમતા નથી."





"તને શું લાગે છે, અરીસો શા માટે હોય છે?" સોનેરી વાળવાળી છોકરીએ આગળ કહ્યું.
એણે ટોપી માથાના એકદમ પાછળના ભાગે પહેરી અને આંખો અડધી મીંચીને જોવા લાગી કે તે કેવી લાગે છે.
આ બધું જોઈને નજાનૂને બહુ હાસ્ય આવ્યું. તે હાસ્ય રોકી ન શક્યો. હસવાનું દબાવતાં તેના મોઢામાંથી હળવો અવાજ નીકળી ગયો.
સોનેરી વાળવાળી છોકરી થોડું ચમકી ગઈ અને શંકાભરી નજરે તેની તરફ જોવા લાગી. પરંતુ નજાનૂએ તરત જ આંખો બંધ કરી દીધી અને જાણે હજુ સૂતો હોય એવો દેખાવ કર્યો.
તેણે સાંભળ્યું કે બંને માઇટ છોકરીઓ ધીમા પગલે તેના પલંગ પાસે આવી અને થોડે દૂર ઊભી રહી ગઈ.
"મને તો લાગ્યું કે તેણે કંઈક કહ્યું," એકે ધીમા અવાજે કહ્યું. "પણ કદાચ મને ભ્રમ થયો હશે. તને શું લાગે છે, આને ક્યારે ભાન આવશે? ગઈ કાલની સાંજથી તો તે બેભાન પડ્યો છે."

"હનીસકલએ કહ્યું છે કે આપણે તેને જગાડવાનો નથી, જ્યારે તે પોતે જાગે, ત્યારે તેને બોલાવવા જવું."
'આ હનીસકલ કોણ હશે?' નજાનૂએ મનમાં વિચાર્યું. છતાં તેણે એવું કંઈ જ દેખાડ્યું નહીં કે તેણે તેમની વાત સાંભળી છે.
"કેવો બહાદુર છે!" ફરી એક અવાજ સંભળાયો. "જરા વિચાર તો કર, બલૂનમાં બેસીને આકાશમાં ઊડી ગયો!"
આ સાંભળીને નજાનૂને ખૂબ આનંદ થયો. તે પોતાના ચહેરા પર ફેલાતું સ્મિત ખૂબ જ મુશ્કેલીથી રોકી શક્યો.
"હું ફરી પાછી આવીશ, જ્યારે તે જાગી જશે," એક માઇટ છોકરીએ કહ્યું. "મારે તેને બલૂન વિશે ઘણું બધું પૂછવું છે. ક્યાંક તેના માથામાં ગંભીર ઈજા તો નથી થઈ ને?"
'કેવી મૂર્ખાઈની વાત!' નજાનૂએ મનમાં વિચાર્યું. 'મને તો એવું કંઈ જ નથી થયું!'
સોનેરી વાળવાળી માઇટ છોકરી વિદાય લઈને બહાર નીકળી ગઈ.
તે પછી ઓરડામાં એકદમ શાંતિ છવાઈ ગઈ. લાંબા સમય સુધી નજાનૂ આંખો બંધ કરીને પડ્યો રહ્યો અને કોઈ પણ નાનો અવાજ સંભળાય છે કે નહીં તે ધ્યાનથી સાંભળતો રહ્યો.
થોડી વાર પછી તેણે ધીમેથી એક આંખ ખોલી. તેણે જોયું કે વાદળી આંખોવાળી માઇટ છોકરી તેની તરફ ઝૂકી રહી હતી. તે હસી, પછી થોડી રિસાઈ હોય એમ તેની સામે આંગળી હલાવી.
"શું તું હંમેશાં આમ જ જાગે છે એક સમયે એક જ આંખ ખોલીને?" તેણે પૂછ્યું.
નજાનૂએ માથું હલાવ્યું અને પછી બીજી આંખ પણ ખોલી.
"તો એટલે તું સૂતો જ નહોતો?"
"સૂતો હતો. હું તો હમણાં જ જાગ્યો."
નજાનૂ આગળ કંઈક બોલવા જતો હતો, એટલામાં માઇટ છોકરીએ તેના હોઠ પર આંગળી મૂકી અને ધીમેથી બોલી,
"શ્... શાંતિ રાખ. તારે બોલવું નહીં. તું ખૂબ બીમાર છે."
"ના, હું બીમાર નથી."
"તને કેવી રીતે ખબર? શું તું ડૉક્ટર છે?"



"ના."
"તો પછી તને એવી વાત કહેવાનો કોઈ અધિકાર નથી. ડૉક્ટરને બોલાવી લાવું ત્યાં સુધી તારે શાંતિથી સૂઈ રહેવું. તારું નામ શું છે?"
"નજાનૂ. અને તારું?"
"કોર્નફ્લાવર."
"વાહ! કેટલું સુંદર નામ છે!" નજાનૂએ કહ્યું.
"તને મારું નામ ગમ્યું, એ જાણીને મને આનંદ થયો. તું તો બહુ જ સંસ્કારી છોકરો લાગે છે."
નજાનૂ હસી પડ્યો. કોઈ તેની પ્રશંસા કરે, તે તેને ખૂબ ગમતું હતું. તેને તો વખાણ કરતાં ઠપકો જ વધુ સાંભળવા મળતો હતો.
ઓરડામાં કોઈ માઇટ છોકરો નહોતો, એટલે તે કોઈ મજાક ઉડાવશે એવી ચિંતા વગર કોર્નફ્લાવર સાથે નમ્રતાથી વાત કરી શકતો હતો.






"તારી સાથે વાત કરતી હતી એ બીજી છોકરીનું નામ શું છે?" નજાનૂએ પૂછ્યું.
"કઈ બીજી છોકરી?"
"જેની સાથે તું વાત કરતી હતી. સોનેરી વાળવાળી સુંદર છોકરી."
"અરે!" કોર્નફ્લાવર બોલી ઊઠી. "એટલે તું સૂતો જ નહોતો!"
"સૂતો હતો. મેં તો બસ એક ક્ષણ માટે આંખો ખોલી હતી, પછી ફરી સૂઈ ગયો."
"ખોટું બોલે છે!" કોર્નફ્લાવરે માથું હલાવતા કહ્યું. "એટલે તને હું સુંદર નથી લાગતી?
"

"ના, ના! એવું નથી," નજાનૂ ગભરાઈને બોલ્યો. "તું પણ સુંદર છે."
"તો પછી અમારા બંનેમાં વધારે સુંદર કોણ છે?"
"તું પણ... અને એ પણ. તમે બંને સરખાં જ સુંદર છો."
"તું તો બહુ તોફાની અને ખોટું બોલનારો છે. પણ હું તને માફ કરું છું," કોર્નફ્લાવરે હસીને કહ્યું. "તેનું નામ સ્નોડ્રોપ છે. તું એને ફરી મળીશ."
પછી તેણે કહ્યું, "હવે મારે તારી સાથે વધુ વાત કરવી નથી. એ તારા માટે સારું નથી. તું શાંતિથી સૂઈ રહેજે અને પલંગમાંથી ઊઠવાનો પ્રયત્ન પણ કરતો નહીં. હું હમણાં જ હનીસકલને બોલાવી લાવું છું."

"આ હનીસકલ કોણ છે?" નજાનૂએ પૂછ્યું.
"ડૉક્ટર. તે તને સાજો કરી દેશે."
એટલું કહીને કોર્નફ્લાવર બહાર નીકળી ગઈ.
કોર્નફ્લાવર જતાં જ નજાનૂ તરત પલંગમાંથી કૂદી પડ્યો અને પોતાના કપડાં શોધવા લાગ્યો. તે શક્ય એટલી ઝડપથી ત્યાંથી ભાગી જવા માંગતો હતો, કારણ કે તેને ખબર હતી કે ડૉક્ટરો દર્દીઓને એરંડિયું પીવડાવતા અને તેમના ઘા પર આયોડિન લગાવતા હોય છે.
તેને પોતાના કપડાં તો ન મળ્યાં, પરંતુ દીવાલને ટેકો આપીને બેન્ચ પર બેઠેલી એક ઢીંગલી દેખાઈ.
સૌ પહેલાં તેના મનમાં વિચાર આવ્યો કે આ ઢીંગલીને ચીરીને જોઈએ કે તેની અંદર શું ભરેલું છે લાકડાનો ભૂકો કે રૂ.
તે કપડાં શોધવાનું ભૂલી ગયો અને છરી શોધવા લાગ્યો. એ જ સમયે તેની નજર અરીસામાં પોતાના પ્રતિબિંબ પર પડી.
તેણે ઢીંગલીને જમીન પર ફેંકી દીધી અને અરીસા સામે ઊભો રહીને જુદા-જુદા ચહેરાના હાવભાવ કરવા લાગ્યો.
ઘણા બધા ચહેરા બનાવ્યા પછી તે બોલ્યો, "હું તો દેખાવમાં ઘણો સારો લાગું છું. મારો ચહેરો એટલો ગોળ પણ નથી."
એ જ સમયે દરવાજાની બહારથી કોઈના પગલાંનો અવાજ સંભળાયો.
નજાનૂ તરત જ પલંગમાં ઘૂસી ગયો અને ચાદર પોતાના ઉપર ખેંચી લીધી.
થોડી જ વારમાં કોર્નફ્લાવર અંદર આવી. તેની સાથે સફેદ કોટ અને ટોપી પહેરેલી બીજી એક માઇટ છોકરી હતી. તેના હાથમાં નાની ભૂરા રંગની થેલી હતી. તેના ગાલ ગોળ અને લાલ હતા. શિંગડાની ફ્રેમવાળા ચશ્માં પાછળ તેની ભૂખરી આંખો ખૂબ જ ગંભીરતાથી તેની તરફ જોઈ રહી હતી.
'આ જ ડૉક્ટર હશે,' નજાનૂએ મનમાં વિચાર્યું.
હનીસકલે એક ખુરશી નજાનૂના પલંગ પાસે ખેંચી, તેના પર પોતાની થેલી મૂકી અને માથું હલાવતાં બોલી,
"અરે બાપ રે! તમે માઇટ છોકરાઓ પણ કેટલા તોફાની છો! હંમેશાં કોઈ ને કોઈ તોફાન કરતા જ રહો છો. હવે કહો તો ખરા, બલૂનમાં બેસીને આકાશમાં ઊડવાનો વિચાર તને ક્યાંથી આવ્યો? પણ બસ, હવે એક શબ્દ પણ બોલતો નહીં. તું શું કહેવાનો છે, એ મને ખબર છે' હવે હું આવું ફરી ક્યારેય નહીં કરું.' બધા માઇટ છોકરાઓ આવું જ કહે છે, પણ થોડી જ વારમાં ફરી કોઈ નવો તોફાન કરી બેસે છે."
એટલું કહીને હનીસકલે પોતાની થેલી ખોલી. તરત જ આખા ઓરડામાં આયોડિન અને બીજી દવાઓની સુગંધ ફેલાઈ ગઈ. આ સુગંધ આવતાં જ નજાનૂ ધ્રુજી ઊઠ્યો.
હનીસકલ તેની તરફ ફરી કહ્યું.




"મહેરબાની કરીને બેઠો થઈ જા,"
નજાનૂએ પલંગમાંથી એક પગ નીચે મૂક્યો.
"પલંગમાંથી નીચે ઊતરવાનું નથી!" હનીસકલ થોડા ગુસ્સાથી બોલી. "મેં તો તને માત્ર બેઠો થવાનું કહ્યું હતું."



નજાનૂએ ખભા ઉચક્યા અને બેઠો થઈ ગયો.
"ખભા ઉચકતો નહીં," હનીસકલે કહ્યું. "હવે જીભ બતાવ."
"શા માટે?"
"કોઈ પ્રશ્ન નહીં. જે કહું તે કર. જીભ બતાવ."
નજાનૂએ જીભ બહાર કાઢી.
"હવે બોલ, 'આ...આ...આ...'"
"આ...આ...આ..." નજાનૂ બોલ્યો.

હનીસકલે પોતાની થેલીમાંથી લાકડાનું નાનું ભૂંગળું કાઢ્યું અને નજાનૂના હૃદય તથા ફેફસાં તપાસ્યાં.
"હવે ઊંડો શ્વાસ લે."
નજાનૂએ વરાળના એન્જિનની જેમ જોરજોરથી શ્વાસ લેવા માંડ્યો.
"હવે થોડો સમય શ્વાસ રોકી રાખ."
"હી...હી...!" નજાનૂ હસી પડ્યો.
"તું શા માટે હસે છે? મે તો એવું કંઈ કહ્યું નથી જેનાથી હસવું આવે."
હસતાં હસતાં નજાનૂ બોલ્યો, "શ્વાસ કેવી રીતે રોકી શકાય?"
"હંમેશ માટે નહીં, પણ થોડા સમય માટે તો રોકી શકાય."
"હા, એ તો થઈ શકે," નજાનૂએ કહ્યું અને થોડા સમય માટે શ્વાસ રોકી રાખ્યો.
તપાસ પૂરી થયા પછી હનીસકલ લખવાના મેજ પાસે ગઈ અને દવાની ચિઠ્ઠી લખવા લાગી.



"આ દર્દીના ખભા પર ઉઝરડો છે," હનીસકલે કોર્નફ્લાવરને કહ્યું. "દવાની દુકાને જઈને મધનો પ્લાસ્ટર લઈ આવ. તેમાંથી એક ટુકડો કાપીને તેના ખભા પર ચોંટાડી દેજે. અને ધ્યાન રાખજે કે તે પલંગમાંથી ઊઠે નહીં. જો તે ઊઠશે, તો તમારા બધાં વાસણો તોડી નાખશે અને કોઈના માથામાં મુક્કો પણ મારી બેસશે. માઇટ છોકરાઓ સાથે થોડા કડક રહેવું જ પડે."

હનીસકલે પોતાનું લાકડાનું ભૂંગળું થેલીમાં મૂકી દીધું, એક ક્ષણ નજાનૂ તરફ કડક નજરે જોયું અને પછી બહાર નીકળી ગઈ.

કોર્નફ્લાવરે દવાની ચિઠ્ઠી હાથમાં લીધી.

"ડૉક્ટરે શું કહ્યું તે સાંભળ્યું ને? તારે પલંગમાંથી ઊઠવાનું નથી," કોર્નફ્લાવરે કહ્યું.

નજાનૂએ મોઢું ચડાવી દીધું.

"હવે મોઢું ચડાવતો નહીં. અને પોતાના કપડાં શોધવાનો પ્રયત્ન પણ કરતો નહીં. મેં તે સુરક્ષિત જગ્યાએ છુપાવી દીધાં છે," એમ કહી કોર્નફ્લાવર હાથમાં દવાની ચિઠ્ઠી લઈને ઓરડાની બહાર ચાલી ગઈ.





Н. R ОСОВ

НА НОВОМ МЕСТЕ

*ø•    xzu we :xuøbu*

Î'l.Nosor

IN A STRAFiGE PLACE

***in Hindi***









1



